# સેક્ટર-૨૫ જીઆઈડીસીથી તોલારામ કંપની પાસે ગટરના પાણી ફરી વળ્યા

## ગટરના પાણીની ગંદકી દૂર કરવાની માંગ ઉઠી : રોગચાળો વકરવાની ભીતિ





ગાંધીનગર, તા. ૨૨

સેક્ટર-૨૫ જીઆઈડીસીથી તોલારામ કંપનીની પાસે ગટરના પાણી ફરી વળ્યા છે જેમાં ગંદકી અને દુર્ગંધની સમસ્યા ઉભી થઈ છે. માર્ગની આસપાસ ગટરના પાણી ફરી વળતાં લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. આ ગંદા પાણીને લઈ લોકોમાં રોગચાળો ફાટી નીકળવાની દહેશત ફેલાઈ છે. ત્યારે તંત્ર દ્વારા વહેલી તકે આ ગટરના પાણીનો નિકાલ કરવામાં આવે તે માટેની ઉગ્ર માંગ કરવામાં આવી છે.

ગાંધીનગરમાં સેક્ટર-૨૫ની જીઆઈડીસી વિસ્તારમાં ગેઝીયા ઈલેક્ટ્રોનિક્સ વિસ્તારમાં પણ ઘણા દિવસોથી ગટરના પાણીની સમસ્યા ઉભી થયેલી ત્યારબાદ હવે સે. ૨૫ જીઆઈડીસી વિસ્તારમાં જ પણ તોલારામ કંપનીની પાસે ગટરના પાણી ફરી વળતા લોકોને હાલાકી પડી રહી છે. આસપાસ કામ કરતા લોકો તથા અહીંથી પસાર થતા લોકો માટે આ ગંદા પાણીમાંથી પસાર થવું હાલાકીભર્યુ છે. આ ગટરના પાણી રોડ પાસે ભરાઈ રહેતા હોવાથી દુર્ગંધ આવતી હોવાથી ત્યાં કંપનીઓમાં કામ કરતા લોકો સહિત રાહદારીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. પાણી રોડ ઉપર ભરાઈ રહેતા હોવાથી રોડ પરથી પસાર થતા વાહનચાલકોને પણ મુશ્કેલી વેઠવી પડે છે.

આ ગંદા પાણીના કારણે ચોમાસાના દિવસોમાં રોગચાળો પાટી નીકળે તેવી ભીતિ લોકોમાં સેવાઈ રહી છે. શહેરમાં ગટરના પાણીની સમસ્યાઓનો અંત આવવાનું અટકી રહ્યું નથી એક બાદ એક ઠેક ઠેકાણે ગટરની સમસ્યાઓ વકરી રહી છે અને જનતા ત્રાહિમામ પોકારી રહી છે. વારંવાર ગટરની સમસ્યાઓની ફરિયાદો ઉઠતા તંત્રએ કોઈ યોગ્ય પગલાં લેવા જોઈએ. ઘણી જગ્યાએ તો લોકો ફરિયાદોનો મારો કરીને થાકી જતા હોય છે પરંતુ તેમની ફરિયાદનો કોઈ ઉકેલ જ નથી આવતો.

આ વિસ્તારમાં તાત્કાલિક ગટરના પાણીનો નિકાલ કરવામાં આવે તે માટે માંગ ઉઠી છે. જો આમ નહી થાય તો રોગચાળો વકરશે અને વરસાદના પાણી મિક્સ થઈને વધારે ગંદકી સર્જાશે.

## વાવોલ ગામમાં મીરાબાઈ - ભગવાન પરશુરામનુ સ્ટેચ્યુની કામગીરી પૂર્ણ



ગાંધીનગર, તા. ૨૨

વાવોલ ગામમાં મીરાબાઈ તેમજ ભગવાન પરશુરામનું સ્ટેચ્યુની કામગીરી પૂર્ણ કરી વાવોલ ગામને સુવિધાની અનોખી ભેટ મળી છે. આ ઉપરાંત વાવોલ ગામમાં ફાટકથી ક રોડ સુધી આર.સી.સી. રોડ, રોડ-રસ્તા-ગટર તેમજ પેવરબ્લોક ઉપલબ્ધ કરાશે અને કામ યુદ્ધના ધોરણે ચાલશે તેમ મહાનગરપાલિકાના ડે. મેયર પ્રેમલસિંહ ગોલે જણાવ્યુ હતુ. વધુમાં જણાવ્યું હતું કે ગામની ભાગોળમાં સંત મીરાબાઈ તેમજ ભગવાન પરશુરામની સ્ટેચ્યુ મુકાઈ છે. આ ઉપરાંત પાણી, ગટર, રસ્તા, વાંચનાલય, એમ.બી. પટેલ શાળાના અદ્યતન ઓરડાની કામગીરી પ્રગતિમાં છે. હાલ પુરતાં ગામમાં નાના-મોટા ખાડા પુરી દેવામાં આવ્યા છે. ગામના દબાણો દૂર કરવામાં આવ્યા છે જેથી ચારમાર્ગીય રસ્તાઓ પણ ઉપલબ્ધ થઈ જશે તેમ જણાવ્યુ હતુ.



આદર્શ નિવાસી શાળા (અ.જા.કુમાર) સેક્ટર-૮, ગાંધીનગર ખાતે આજ રોજ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ તથા ઉચ્ચ સંસ્કાર શિક્ષા કાર્યક્રમ અંતર્ગત યોગનું આયોજન શ્રી યોગ વેદાંત સેવા સમિતિ, ગાંધીનગર દ્વારા કરવામાં આવ્યું હતું.

## પીઆર ઠક્કર વિદ્યા વિહાર મગોડીમાં શિષ્યવૃત્તિ અર્પણ કાર્યક્રમ યોજાયો




ગાંધીનગર,તા.૨૨

આજરોજ મગોડી સ્થિત પી.આર. ઠક્કર વિદ્યાવિહારમાં શ્રી નટુભાઈ ઠક્કર ફાઉન્ડેશન ,અમદાવાદના સહયોગથી જરૂરિયાત મંદ તેમજ ભણવામાં તેજસ્વી વિદ્યાર્થીઓને ?એક લાખ આઠ હજાર ની શિષ્યવૃત્તિ આપવામાં આવી જેમાં વિદ્યાર્થીના માતા કે પિતાનું નિધન થયું હોય અને જરૂરિયાત મંદ હોય તેવા વિદ્યાર્થીઓને ૪૦૦૦ ની સહાય તેમજ ભણવામાં તેજસ્વીહોય અને આર્થિક જરૂરિયાત મંદ દીકરીઓને ૩૦૦૦ રૂપિયાની શિષ્યવૃત્તિ આપવામાં આવી. આ કાર્યક્રમમાં શ્રી કેળવણી મંડળના પ્રમુખશ્રી નવનીતભાઈ પટેલ મંત્રીશ્રી જયંતીભાઈ શાહ ,મફતભાઈ પટેલ અન્ય હોદ્દેદારો તેમજ શાળાના આચાર્યશ્રી મનુભાઈ પ્રજાપતિ ઉપસ્થિત રહ્યા .શ્રી નટુભાઈ ઠક્કર ફાઉન્ડેશન દ્વારા જરૂરિયાત મંદ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવા બદલ મંત્રીશ્રી જયંતીભાઈ શાહે ફાઉન્ડેશનનો આભાર વ્યક્ત કર્યો.




ઈસ્કોન બ્રિજ નીચે અકસ્માતમાં મૃત્યુ પામનાર લોકોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.



ગાંધીનગર તાલુકાના ઝાખોરા ગામ ખાતે વધુ વરસાદના કારણે થયેલ નુકસાનના સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી. સર્વેમાં તાલુકા વિકાસ અધિકારી શ્રી વિનોદ જોશી વિસ્તરણ અધિકારી શ્રી અધિક મદદનીશ ઈજનેર શ્રી તલાટી શ્રી સરપંચ શ્રી તેમજ ગામના આગેવાનો સાથે રહી સર્વે કરવામાં આવ્યો. વધુ વરસાદના કારણે જેમના મકાન પડી ગયા છે એમને અને ઘરવખરીમાં નુકસાન થયેલ છે તેમનું સહાયના ફોર્મ ભરવામાં આવ્યા

## તથ્યએ ડ્ર્ગસ સેવન કરવા છતાંય પોલીસે ડ્રીન્ક ડ્રાઈવનો કેસ કેમ ન કર્યો

અમદાવાદ, તા.૨૨

ઈસ્કોન બ્રિજ અકસ્માતમાં હવે અનેક સવાલો ઉઠ્યા છે. લોકોમાં ચર્ચા છે કે, કારચાલક તથ્ય પટેલે ડ્ર્ગસનું સેવન કર્યુ હતું. પોલીસે ડ્રીક્ર ડ્રાઈવનો કેસ કેમ કર્યો નહી. પોલીસે માત્ર રફતારને કારણે જ અકસ્માત થયો છે તે મુદ્દે વાત આગળ ધરી છે. જયારે દારૂ-ડ્ર્ગસની આખીય વાત હવામાં ઉડાડી દીધી છે. ટૂંકમાં, રાજકીય વગ ધરાવતા પ્રજ્ઞેશ પટેલ માટે ખુદ પોલીસે જ માર્ગ મોકળો કરી આપ્યો હોય તેવુ પ્રસ્થાપિત થયું છે. બુધવારે ઈસ્કોન બ્રિજ પર દોઢેક વાગ્યાના સુમારે અકસ્માત સર્જાયો હતો તે વખતે જાણ થતાં કારચાલકના પિતા પ્રજ્ઞેશ પટેલ રિવોલ્વર દેખાડીને પોતાના પુત્ર તથ્યને લઈને સિમ્સ હોસ્પિટલ પહોંચ્યા હતાં. લોકોમાં ચર્ચા છેકે, તથ્યએ નશીલા પદાર્શ અથવા દારૂનું સેવન કર્યુ હોય તેમ લાગતુ હતુ. જોકે, પોલીસે સારવારના બહાને તથ્ય પટેલ ઉપરાંત અન્ય યુવક-યુવતીઓના ટેસ્ટ સમયસર લીધા નહીં બલ્કે પાંચ-છ કલાક પછી લીધા જેથી બ્લડ ટેસ્ટમાં બધાય આરોપીને કલીનચીટ મળી ગઈ છે. આમ, નશીલા પદાર્થના સેવનની વાત જ આખાય પ્રકરણમાંથી બાદબાકી થઈ છે. નબીરાઓને જાણે અકસ્માત કેસમાંથી સેફ પેસેજ કરી આપવા અત્યારથી જ પ્રયાસ થઈ રહ્યા છે. એવી ચર્ચા છે કે, જગુઆર કારમાંથી બે વ્હાઈટ પાવડરની પડીકી હતી તે પણ કયાં ગૂમ થઈ ગઈ તે હજુ રહસ્યમય છે. ઘટના સ્થળેથી એવી કોઈપણ વાંધાજનક વસ્તુ મળી આવી નથી તેવો પોલીસનો તર્ક ગળે ઉતરે તેમ નથી. નબીરાઓના છાકટા પુત્રોને જાણે કાયદાનો જરાયે ડર નથી. આ જનબીરાઓએ એકના પુત્રની જાન લઈને નવ પરિવારના ઘર ઉજાડી મૂકયા છે છતાંય આખાય પ્રકરણમાં ઠંડુ પાણી રેડવામાં આવી રહ્યુ હોય તેવુ ચિત્ર ઉપસી રહ્યું છે.

# પદ્મિની એકાદશી: પુરુષોત્તમ મહિનાની અગિયારસ સૌથી ખાસ

## પદ્મિની એકાદશી વ્રત ૨૯ જુલાઈએ અને ૩૦ જુલાઈએ પારણા કરવામાં આવશે



ગાંધીનગર, તા. ૨૨

હિન્દુ ધર્મમાં એકાદશીનું ખૂબ જ મહત્વ છે. દર વર્ષે કુલ ૨૪ એકાદશી આવતી હોય છે. આ રીતે દર મહિને બે એકાદશી આવે છે. એક એકાદશી કૃષ્ણ પક્ષની કહેવાય છે, તો બીજી એકાદશી શુક્લ પક્ષની ગણવામાં આવે છે. ગત એકાદશી કૃષ્ણ પક્ષની એકાદશી હતી, આ એકાદશી તારીખ ૧૨ જુલાઈના રોજ હતી અને હવે જુલાઈ મહિનાની બીજી એકાદશી શુક્લ પક્ષની રહેશે, જે ૨૮ જુલાઈના રોજ હશે. હિન્દુ પંચાંગ મુજબ, શ્રાવણ મહિનાના શુક્લ પક્ષની એકાદશી તારીખ ૨૮ના રોજ હશે. આ એકાદશી બપોરે ૨:૫૧ કલાકે શરૂ થશે અને ૨૯ જુલાઈના રોજ બપોરે ૧:૦૫ મિનિટે પૂર્ણ થશે. ઉદય તિથિ મુજબ, તારીખ ૨૯ના રોજ આવનારી એકાદશીએ જ પદ્મિની એકાદશીનું વ્રત કરવામાં આવે છે. ચાલુ વર્ષે અધિક માસ હોવાના કારણે પદ્મિની એકાદશીનું વ્રત મલમાસમાં રહેશે. પદ્મિની એકાદશી વ્રતના પારણા પદ્મિની એકાદશી વ્રત ૨૯ જુલાઈના રોજ છે. જેથી ૩૦ જુલાઈના રોજ બારશ પર સવારે ૫:૪૧ કલાકથી લઈને ૮: ૨૪ કલાક સુધીમાં પારણા કરી શકાશે. પદ્મિની એકાદશી પવિત્ર દિવસ માનવામાં આવે છે. આ દિવસે વહેલી સવારે ઊઠીને સ્નાન કરવામાં આવે છે. ત્યારબાદ સૂર્યદેવને જળ ચઢાવવામાં આવે છે. સૂર્યદેવને જળ અર્પણ કર્યા બાદ ભગવાન વિષ્ણુ અને માતા લક્?મીની મૂર્તિની સ્થાપના કરવામાં આવે છે.

ત્યારબાદ ફૂલ, ધૂપ, દીપક, અક્ષત અને ચંદન સહિતની વસ્તુઓથી ભગવાનની પૂજા થાય છે. ભગવાનની પૂજા કરતી વખતે વિષ્ણુ ચાલીસા અને આરતીનું ખાસ મહત્વ છે. આ દિવસે ઉપવાસ રાખવામાં આવે છે. ત્યારબાદ બીજા દિવસે પારણા કરવામાં આવે છે. પદ્મિની એકાદશી પર ભગવાનની પૂજા સાથે દાન કરવાનું પણ ખૂબ જ મહત્વ માનવામાં આવે છે. આ દિવસે પૂજા પાઠ કરવાની સાથે દાન પણ કરવું જોઈએ. આ દિવસે કરેલા દાનનું શુભ ફળ મળે છે. આ દિવસે મંદિરે જવું અને ભગવાન વિષ્ણુના આશીર્વાદ લેવા જોઈએ.

# સાયન્સ સિટી ખાતે આંતરરાષ્ટ્રીય ચંદ્ર દિવસની ઉજવણી કરાઈ

## ઈસરોના ડાયરેક્ટર નિલેશ દેસાઈએ ચંદ્રયાન-૩ વિશે આપી રોચક માહિતી

ગાંધીનગર, તા. ૨૨

સમગ્ર વિશ્વ માટે ૨૦ જુલાઈના દિવસનું વિશેષ મહત્વ છે. આ દિવસે ૧૯૬૯ના રોજ બપોરે ૨.૫૬ કલાકે અમેરિકાના અંતરિક્ષ યાત્રી નીલ આર્મસ્ટ્રોંગે ચંદ્ર પર પહેલો પગ મુક્યો હતો, તેની સાથે બજ આલ્ડ્રિન અને માઈક કોલિન્સ પણ આ મિશન પર ગયા હતા. જોકે, આ મિશનનો પાયો ૧૯૬૧માં નાખવામાં આવ્યો હતો. આ દિવસને આંતરરાષ્ટ્રીય ચંદ્ર દિવસ તરીકે ઉજવવા યુ.એન.(UN) દ્વારા જાહેરાત કરવામાં આવી હતી. ત્યારે આંતરરાષ્ટ્રીય ચંદ્ર દિવસની ગુજરાત સાયન્સ સિટીમાં પણ ઉજવણી કરવામાં આવી. જેમાં ઈસરોના ડાયરેક્ટર નિલેશ દેસાઈ, ગુજરાત સાયન્સ સિટીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર જે. બી. વદર તેમજ સ્ટાફના અન્ય સભ્યો અને આશરે ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ પણ હાજર રહ્યા. આ પ્રસંગે ઈસરોના ડાયરેક્ટર નિલેશ દેસાઈએ ચંદ્ર દિવસના ઈતિહાસ વિશે તેમજ ભારતના મિશન મૂન વિશે વિસ્તારથી માહિતી આપી. તેમણે જણાવ્યું કે ભારતે તાજેતરમાં જ ચંદ્રયાન-૩ લોન્ચ કર્યું છે. જે ૨૩ ઓગસ્ટ આસપાસ ચંદ્રના દક્ષિણ ધ્રૂવ પર પહોંચશે. ચંદ્રયાનને રોકેટ અને પેલોડ અને લેન્ડર દ્વારા કઈ રીતે ચંદ્ર સુધી પહોંચાડવામાં આવશે અને ત્યાં પહોંચ્યા બાદ ચંદ્રયાન કેવા પ્રકારની વિગતો ત્યાંથી મોકલાવશે તે અંગે તેમણે વિસ્તૃતમાં માહિતી આપી. આંતરરાષ્ટ્રી ચંદ્ર દિવસની ઉજવણીને વધુ રસપ્રદ બનાવવા માટે હેન્ડ્સ ઓન એક્ટિવિટીઝ પણ રાખવામાં આવી હતી. ગુજરાત સાયન્સ સિટી તરફથી વિદ્યાર્થીઓને જરૂરી કિટ આપવામાં આવી જેના થકી વિદ્યાર્થીઓએ રોકેટની પ્રતિકૃતિઓ બનાવી હતી.




આ પ્રસંગે ગુજરાતી અપકમિંગ ફિલ્મ 'લાયા બાકી'ના કલાકારો પણ ખાસ હાજર રહ્યા હતા. ફિલ્મના પ્રોડ્યુસર અને ડાયરેક્ટર હિરવ ત્રિવેદી, સિનેમેટોગ્રાફર હેત પટેલ તેમજ ફિલ્મના કલાકાર માધવી પટેલ, દાનેશ ગાંધી, શિવાની ભટ્ટ અને સાથી કલાકારો હાજર રહ્યા હતા. જેમણે વિદ્યાર્થીઓ સાથે હેન્ડ્સ ઓન એક્ટિવિટીમાં ભાગ લીધો હતો. ઉપરાંત ફિલ્મના કલાકારોએ ગુજરાત સાયન્સ સિટીની થીમ બેઝ્ડ ગેલેરીની પણ મુલાકાત લીધી હતી અને બંને જગ્યાની મુલાકાત લઈને તેઓ પ્રભાવિત થયા હતા.